નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પંચમહાલ જિલ્લાના નવા પસંદ કરેલ ૩ આદિજાતિ ક્લસ્ટરના ૮૦ ગામના આદિજાતિ વિસ્તારના ૨૨૬ આંગણવાડી કેન્દ્રમાં ૬ માસથી થી ૬ વર્ષના બાળકોને તથા સગર્ભા અને ધાત્રીમાતાને દુધ આપવા માટે દુધ સંજીવની યોજના શરૂ કરવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૪૩૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭-૦૬-૨૦૨૦

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૨/૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ/પોષણ/દૂધ સંજીવની યોજના/નવી બાબત/૭૨૦૪૯-૫૧/૨૦૨૦-૨૧/૨૦૨૦

ઠરાવઃ-

ગુજરાત રાજયમાં આઇસીડીએસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લાના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નક્કી થયા મુજબના ૫ તાલુકા જાંબુઘોડા, કાલોલ, હાલોલ, મોરવા હડફ અને ગોધરાના ઓળખ કરેલ નવા ૫ આદિજાતિ ક્લસ્ટર પૈકી આઇસીડીએસ અંતર્ગત જાંબુઘોડા અને મોરવા હડફનો સમાવેશ વિકાસશીલ તાલુકામાં થતો હોય દૂધ સંજીવની યોજના ત્યાં હાલમાં અમલી છે. આથી બાકી રહેતા ૩ તાલુકાના ૩ આદિજાતિ ક્લસ્ટર ખાતે બાળકો અને માતાઓમાં પોષણસ્તર ઉંચુ લાવવા માટે ચાલુ વર્ષે પંચમહાલ જિલ્લાના નવા ૩ ક્લસ્ટરના ૮૦ આદિજાતિ ગામના ૨૨૬ આંગણવાડી કેન્દ્રમાં દુધ સંજીવની યોજનાનો વ્યાપ વધારી અમલ કરવાનું આયોજન કરેલ છે. આદિજાતિ વિકાસ વિભાગની દુધ સંજીવની યોજના મારફત આઇસીડીએસ ઘટકોમાં દુધ સંજીવની યોજના માટેના દુધની વિતરણ વ્યવસ્થા કરવામાં આવશે. સંદર્ભ (૧) થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે પંચમહાલ જિલ્લાના નવા ૩ આદિજાતિ ક્લસ્ટરની આંગણવાડીના ૬ માસથી થી ૬ વર્ષના બાળકો અને સગર્ભા અને ધાત્રીમાતાઓ માટે દુધ સંજીવની યોજના શરૂ કરવા માટે રૂ.૨૨૯.૧૮ લાખ ની નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

